# રાજકીય આશ્રયથી ગેરકાયદે કતલખાના ધમધમી રહ્યા છે

## માંસની નિકાસ પર સબસિડી, પીંક રિવોલ્યુશનના નામે લોકોની લાગણી ઉશ્કેરી મત મેળવ્યા બાદ હવે અવગણના

અમદાવાદ, તા.૧૩

કોંગ્રેસે આજે ફરી એકવાર ભાજપ સરકાર ઉપર જોરદાર આક્ષેપોનો મારો ચલાવ્યો હતો અને કહ્યું હતું કે, ગાંધીનગરના રાજકીય આશ્રમથી ગુજરાતમાં ગેરકાયદેસર કતલખાનાઓ મોટા પાયે ધમધમે છે. ભાજપ સરકારનું પીંક રીવોલ્યુશન એક તરફ શ્વેતક્રાંતિ, ખેતક્રાંતિની વાતો થાય છે અને બીજી બાજુ ભાજપ સરકાર આવી નીતિ ખેડુતો, પશુપાલકોને સંદેશો મોકલીને જણાવે છે, આ છે ભાજપ સરકારનું નવુ મોડેલ. લોકસભાની ચૂંટણી પહેલા ભાષણોમાં માંસની નિકાસ પર સબસીડી અને પીંક રીવોલ્યુશન ના નામે લોકોની લાગણી ઉશ્કેરી ખોબલે મત મેળવનાર ભાજપ શોસકોએ અનેક ગેરકાયેસર ધંધાઓની જેમ ગેરકાયદેસર કતલખાનાઓ અને માંસની હેરાફેરીના છુટા પરવાના આપ્યા હોય ત્યારે ભાજપ શાસકો દેશની જનતાને જવાબ આપે તેવી માંગ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપ શાસનમાં માંસનું ઉત્પાદન બમણું થયું છે.

ભાજપના એક વર્ષના કેન્દ્રના શાસનમાં માંસની નિકાસમાં ૩૫ ટકા વધારો થયો છે. ગુજરાતમાં નાગરિકોની લાગણી ઉશ્કેરનાર ભાજપ શાસકોએ કરોડો ચો.મી ગૌચરની જમીન પોતાના મળતિયા ઉદ્યોગપતિઓને આપી દીધી છે. ઘાસચારાની સમસ્યા વિકટ છે. પશુઓની સારસંભાળ રાખતી પાંજરાપોળને સહાય આપવાનું પણ રાજય સરકારે બંધ કરી દીધું છે. પરિણામે ગુજરાતમાં પશુઓ માટે અસ્તિત્વ ટકાવવું મુશ્કેલ છે. રાજય સરકારના ખુદના પશુ ચકાસણીના આંકડાઓ જ વિસંગતતા છે. વર્ષ ૨૦૧૨-૧૩માં ૫૦ લાખ પશુ ચકાસણી સામે વર્ષ ૨૦૧૩-૧૪માં ૩૬ લાખ પશુ ચકાસણીનો દાવો રાજય સરકાર કરી રહી છે. જે દર્શાવે છે કે, ભાજપ રાજયના સર્વાંગી અને સંતુલિત સામાજીક વિકાસ માટે પશુપાલકો અને પશુઓ માટે ગંભીરતા દાખવતી નથી. રાજયમાં પશુઓને યોગ્ય સારવાર મળે, તેમની ઉત્પાદન શક્તિ વધે તેવા કાર્યક્રમને બદલે પશુઓને કતલખાને મોકલીને નિકાલ કરવાની ખુદ સરકારી સંદેશાએ રાજયના લાખો નાગરિકોના હ્યદયને ભારે ઠેસ પહોંચાડી છે. લાખો જીવદયા પ્રેમીઓએ ભાજપ સરકારની કતલખાનાને પ્રોત્સાહન આપવાની નીતિ અંગે ભારે રોષ વ્યક્ત કર્યો છે. જે અંગે ભાજપ સરકારી સાચી વાત જાહેર કરે તેવી માંગ કોંગ્રેસ પક્ષ કરે છે.

## આવતીકાલે ભાજપાના ઉત્તર ઝોનના વિવિધ સેલના કન્વીનર સહ કન્વીનરોની સંયુક્ત બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

આવતીકાલ તા. ૧૪ જૂનના રોજ ભાજપાના ઉત્તર ઝોનના જિલ્લાઓના સેલના કન્વીનર-સહ કન્વીનરોની પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા, ઉત્તર ઝોનના પ્રદેશ મહામંત્રી શ્રી કે.સી. પટેલ અને વિવિધ સેલના પ્રદેશ સંયોજક ડૉ. અનિલ પટેલની ઉપસ્થિતિમાં બેઠક યોજાશે.

શ્રી કમલમ્ ખાતે યોજાનારી આ બેઠકમાં ઉત્તર ઝોનના જિલ્લાઓ કર્ણાવતી મહાનગર, અમદાવાદ જિલ્લો, ગાંધીનગર મહાનગર, ગાંધીનગર જિલ્લો, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને કચ્છના વિવિધ સેલના જિલ્લા કન્વીનર સહ કન્વિનર, ઉત્તર ઝોનમાં રહેતા પ્રદેશ સેલના કન્વિનર-સહ કન્વિનરશ્રીઓ, ઉત્તર ઝોનના સેલના કન્વિનરશ્રીઓ બેઠકમાં ચૂંટણીઓના સંદર્ભમાં ચર્ચા-વિચારણા કરાશે.

# પ્રાંતિજ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જ્યોત યાત્રાનું ભવ્ય સ્વાગત

## જ્યોતયાત્રા ડો. બાબાસાહેબની પ્રતિમા પાસે સભામાં ફેરવાઈ : કોંગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શનિવારના રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આયોજિત વિશ્વ વિભૂતિ, ભારત રત્ન, બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જ્યોત યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ ખાતે યાત્રાનું ભવ્ય સ્વાગત થયું હતું.





(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની કોંગ્રેસ દ્વારા આયોજિત ૧૨૫મી જ્યોત યાત્રા આવી પહોંચી હતી. જેમાં પ્રાંતિજ ત્રણ રસ્તા પાસે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા યાત્રા પ્રતિમાને ફૂલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન ખાતે આવેલ ડૉ. બાબાસાહેબની પ્રતિમાને કોંગ્રેસ ધારાસભ્યો તથા કાર્યકરો દ્વારા ફુલહાર પહેરાવી ધન્યતા અનુભવી જ્યારે બાબા સાહેબની પ્રતિમા પાસે યાત્રા સભામાં ફેરવાઈ હતી અને કોંગ્રેસના ધારાસભ્યો તથા હોદ્દેદારો દ્વારા ચાલુ સરકાર ઉપર શબ્દોના બાણ છોડ્યા હતા. જેમાં ધારાસભ્ય ગોવાભાઈ રબારી, ધારાસભ્ય મેહન્દ્રસિંહ બારૈયા, સાગરભાઈ રાયકા, ડૉ. કાન્તીભાઈ પ્રજાપતિ, રામભાઈ, નરેન્દ્રભાઈ, ડાહ્યાભાઈ પટેલ, રેખાબેન વગેરે કોંગ્રેસ કાર્યકરો તથા હોદ્દેદારો મોટી સંખ્યામાં જોડાયા હતા. જ્યારે ભીમ જ્યોત યાત્રાનું પ્રાંતિજ ખાતે આવેલ બજારમાં પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જેમાં બાઈકો ગાડીઓ સાથે કોંગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# પ્રાંતિજ તાલુકાનું ગૌરવ

પ્રાંતિજ, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે તાજેતરમાં એન.ડી.એસ.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ડાન્સ એકેડમી દ્વારા ટેલન્ટ હન્ટ-૨૦૧૫ ડાન્સ કોમ્પિટીશન યોજાઈ હતી. જેમાં પ્રાંતિજના પાંચ વર્ષીય આરવ સોનીએ તૃતીય સ્થાન મેળવ્યું હતું. અને તાલુકા સહિત સમાજનું નામ રોશન કર્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજના અનુજભાઈ સોનીના પાંચ વર્ષીય પુત્ર આરવ સોનીએ નાની ઉંમરે પ્રાંતિજના ડાન્સ કોરિયો ગ્રાફર હાર્દિક બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ બે ઓડિશન પાસ કરી પાલનપુર ખાતે આયોજીત એન.ડી.એસ. ડાન્સ એકેડમી ડાન્સ કોમ્પિટીશનની ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. જેમાં જજ તરીકે ડાન્સ ઈન્ડિયા ડાન્સના કોરિયો ગ્રાફર દિપક રાજપુત ઉપસ્થિત રહ્યા હતા. જેમાં અંતિમ દસ સ્પર્ધકોમાં આરવે સ્પર્ધાને અંતે તૃતીય સ્થાન મેળવ્યું હતું. પ્રાંતિજ સહિત સમાજનું ગૌરવ વધાર્યું હતું. આરવની આ સિદ્ધિ બદલ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા અને શાળાના આચાર્ય ભાવીનીબેન શેઠે અભિનંદન પાઠવ્યા હતા.

# ચાંદખેડામાં નજીવી બાબતમાં હત્યા : ત્રણની ધરપકડ કરાઈ

અમદાવાદ, તા.૧૩

ચાંદખેડામાં નજીવી બાબતે એકની હત્યા કરી દેવામાં આવી છે. આ સંદર્ભમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ઝડપાયેલા ત્રણેયની આકરી પુછપરછ ચાલી રહી છે. શહેરનાં ચાંદખેડા વિસ્તારનાં મોટેરા ગામમાં નજીવી બાબતે ખૂની ખેલ ખેલાયો હતો આ અંગે મૃતકના પુત્રએ ફરિયાદ નોંધાવી હતી જેમાં પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી.

સૂત્રો મુજબ ચાંદખેડા વિસ્તારના પરબડી વાસ મોટેરા ગામમાં રહેતા પાડોશી હીરાભાઈ વાળંદ ને ત્યાં તેમના સાળાનો દીકરો યોગેશ આવ્યો હતો. હીરાભાઈના પડોશી અનિતા બેનને યોગેશ પર થૂક્યું હતું. યોગેશ પૂછ્યું કે, મારા પર કેમ થૂંકો છો અનિતાબેન અપશબ્દ બોલી ગાળો આપવા લાગ્યા હતા. ત્યાર પછી હીરાભાઈ અને તેમની પત્ની શકરીબેન અપશબ્દન બોલવાનું કહેતા હતા. તે પછી અનિતાબેનનું ઉપરાણુ લેતા તેમના પત્તી દિનેશભાઈ ધૂળાભાઈ વાળંદ અને તેમનો પૂત્ર હાર્દિક દિનેશભાઈ વાળંદ એકદમ ઉશ્કેરાઈ જઈ ગંદી ગાળો બોલવાનું શરૂ કર્યું હતું.

આ મામલો બિચકતા ઉગ્ર બોલાચાલ શરૂ થતા હીરાભાઈને ગડદા પાટુનો માર માર્યો હતો. જેથી હીરાભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમને સારવાર અર્થે હોસ્ટિલમાં ખસેડવામાં આવ્યા હતા. જેઓનું સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યુ હતું. આ અંગે ફરીયાદી બિન્દેશ હીરાભાઈ વાળંદ ચાંદખેડા પોલીસ સ્ટેશનને ફરીયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી દિનેશભાઈ, અનિતાબેન અને હાર્દિકની ધરપકડ કરી હતી. આજે આરોપીઓને કોર્ટ સમક્ષ હાજર કર્યા હતા. તેમજ મેટ્રોજેલમાં મૂકવવામાં આવ્યા હતા.

## દુઃખદ અવસાન

અગ્રણી પત્રકાર શ્રી દિનેશભાઈ અનાજવાલાના ધર્મપત્ની શ્રીમતિ ભાવનાબેન દિનેશભાઈ અનાજવાલાનું બપોરે અમદાવાદ ખાતે સારવાર દરમ્યાન દુઃખદ અવસાન થયું છે. સ્વ. ભાવનાબેન અનાજવાલાની અંતિમયાત્રા રવિવારે સવારે સુરત ખાતેના તેમના નિવાસસ્થાનેથી નીકળશે.



ખેડબ્રહ્મા શહેરના પી.એસ.આઈ. જી. કે. ઈસરાણીની બદલી થતા ગુરુવાર સાંજે વિદાય સમારંભ યોજાયો હતો. ખેડબ્રહ્માના અર્બુદા માતાજી મંદિર હોલ ખાતે યોજાયેલ વિદાય સમારંભમાં એ.પી.એમ.સી. ચેરમેન જશુભાઈ પટેલ, શહેર વેપારી મહામંડળના પ્રમુખ નારાયણદાસ બારોટ ઉપસ્થિત રહ્યા હતા. વિદાય સમારંભમાં શહેરના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ સ્ટાફ દ્વારા પી.એસ.આઈ. જી. કે. ઈસરાણીની મોમેન્ટો, શાલ આપી વિદાયની શુભેચ્છાઓ આપવામાં આવી હતી. આ સમગ્ર સમારંભનું સંચાલન સુરેશભાઈ એસ. પટેલે કર્યું હતું.



## શામળાજી નજીક કુશ્કી ગામે શાળા પ્રવેશોત્સવ યોજાયો

ભિલોડા તાલુકાના દેવસ્થાન શામળાજી નજીક આવેલા કુશ્કી ગામની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો હતો. જેમાં ધોરણ-૧ માં ૧૮ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભિલોડાના માર્ગ-મકાન ખાતાના ઈજનેર દૂર્ગેશનભાઈ પ્રમાણી, સીઆરસી રશ્મિતભાઈ, કુશ્કી ગામના સરપંચ અને એસ.એમ.સી.ના સભ્યો હાજર રહ્યા હતા. ૧૮ બાળકોએ ખૂબજ ઉત્સાહપૂર્વક પ્રવેશ મેળવ્યો હતો. શાળાના આચાર્યશ્રી રમેશભાઈએ શાળા પ્રવેશોત્સવનું સુંદર આયોજન કર્યું હતું. (તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

# શબ્દાવલી - ૫૭૫૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | ૯ | | |
| | ■ | ■ | ૧૦ | | | ■ | |
| ૧૧ | ૧૨ | | ■ | | ■ | ૧૩ | |
| ૧૪ | | ■ | ૧૫ | ■ | ૧૬ | | ■ |
| ■ | ૧૭ | ૧૮ | | ■ | ૧૯ | | |
| ૨૦ | | | | ■ | ૨૧ | | ■ |
| ૨૨ | | ■ | ■ | ૨૩ | | | ■ |

### આડી ચાવી

૧. દારૂખાનું ફોડવાની વિવિધ બનાવટ (૫)
૫. સુટકેશ, ટંક (૨)
૭. મેશ, કજરા (૩)
૮. વસુલ કરવું તે (૪)
૧૦. જીતી લેવું, વિજય (૩)
૧૧. યોગ્ય (૩)
૧૩. એક વાહન, વ્યવહાર (૨)
૧૪. 'વાણી' શબ્દ છે ઊંધો (૨)
૧૬. ઉકળાટ, ઉકાળો (૨)
૧૭. કપૂર વગેરેનો સુગંધી પદાર્થ (૩)
૧૯. તાંતણો (૩)
૨૦. ગુંડાગીડી, જબરાઇ (૪)
૨૧. રોપડા, નાના રોપ (૨)
૨૨. શેતરંજી (૨)
૨૩. અનાજ ઝાટકવું તે, ... કરવો (૩)

### ઊભી ચાવી

૧. દેવવાણી, રેડિયોની વાણી (૫)
૨. સુગંધી સ્વાદિષ્ટ લાકડુ (૨)
૩. કરચલી (૨)
૪. જીવન (૪)
૫. ગામડામાં... ના પથ્થરોનું ચણતર થાય છે (ઇંટોના બદલે) (૨)
૬. આશ્ચર્યનો બનાવ (૪)
૯. સૂઇ જવું (૨)
૧૨. ફરજ (૫)
૧૩. ગામમાં ચાલતી અફવા (૫)
૧૫. મોરલી, વાંસળી (૩)
૧૬. ચઢતી ઘાત (૪)
૧૮. સંસાર સુખમાં આશક્તિવાળુ (૨)
૨૦. ફરિયાદ, અરજ, ઇન્સાફ (૨)

### શબ્દાવલી ૫૭૫૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) પાવરહાઉસ (૭) ખઉધરો (૮) લબાડ (૧૦) ડોકાબારી (૧૨) પાપડ (૧૩) રફ (૧૬) લોપ (૧૮) ટબ (૨૦) કવચ (૨૨) લૂગડી (૨૪) પનવ (૨૬) નલીન (૨૭) જાળવણી

**ઊભી ચાવી :-** (૧) પાયલ (૨) રખડપટ્ટી (૩) હાઉ (૪) ઉધડો (૫) સરોકાર (૬) વાઘરી (૯) બાપા (૧૧) બાફલો (૧૪) પાટલૂન (૧૫) નાવ (૧૭) પજવણી (૧૯) બગલી (૨૧) ચપળ (૨૩) દીન (૨૫) નવ

## ઝિબ્રા ક્રોસીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાટનગરમાં રાજમાર્ગ એવા ઘ અને ચ માર્ગ ઉપર અનેક ઠેકાણે ઝિબ્રા ક્રોસીંગની નિશાનીઓ માર્ગ ઉપર જોવા મળી રહી છે. પરંતુ રાહદારીને માર્ગ ઓળંગવા સમયે એકદમ સાવચેત રહેવું પડે છે. કારણ કે એક પણ વાહન આ ઝિબ્રા ક્રોસીંગે ધીમુ કે ઉભુ રહેતુ નથી. ખરેખર ઝિબ્રા ક્રોસીંગ આવે ત્યારે વાહનચાલકોએ પોતાનું વાહન ધીમુ કરી પ્રથમ રાહદારીઓને માર્ગ ઓળંગવા દેવો પડે પછી વાહન જઈ શકે છે. અહીં તેનાથી ઉલટુ થઈ રહ્યું છે. ટ્રાફિક પોલીસ સર્કલો ઉપર ઉભા થઈ જઈને ફક્ત મુળભૂત સિદ્ધાંતો સાથે કામ કરી સંતોષ વ્યક્ત કરી લે છે. વાહન ચાલક પાસે માંગવામાં આવતા લાયસન્સ, વાહનના કાગળો, વિમો વગેરે વર્ષોથી ચાલતી આવતી પ્રથા બની છે. પરંતુ કદાચ અમલ ન થતો હોય તેવો ટ્રાફિક નિયમ ઝિબ્રા ક્રોસીંગ પોલીસ અમલ કરાવે અને નિયમોની ફાઈલોમાં કેદ બનેલા નિયમથી રાહદારીઓને રાહત અપાવે તે ઈચ્છનીય બન્યું છે.

## ધોધમાર વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતના હૈયામાં હરખની હેલી જોવા મળી રહી છે. વાવણી બાદ વરસાદ જતા તેમના જીવનમાં જીવ આવ્યો છે. ધોળકા, મોરવાઅરફમાં પણ વરસાદ થયો છે. રાજકોટમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. અમરેલી બગસરામાં પણ બે ઈંચથી વધુ વરસાદ થયો છે. છેલ્લા કેટલાક દિવસથી વરસાદી માહોલ જામેલો છે. ૨૪ કલાકની વાત કરવામાં આવે તો વલસાડમાં પાંચ ઈંચથી વરસાદ થયો છે. જ્યારે સુરતમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંદાયો છે. આવી જ રીતે ભાવનગર, અમરેલીમાં પણ એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ તરફથી ભારે વરસાદની ચેતવણી દક્ષિણ ગુજરાત, દમણ, દાદરાનગર હવેલી માટે જારી કરવામાં આવી છે જ્યારે આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યના વિવિધ ભાગોમાંમધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેમાં સૌરાષ્ટ્ર, કચ્છ, દીવનો સમાવેશ થાય છે. ઉત્તર ગુજરાતમાં પણ વરસાદની આગાહી કરવામાંઆવી છે. અમદાવાદમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. દરમિયાન આજે રાજ્યના જુદા જુદા ભાગોમાં તાપમાનમાં વધારે ફેરફારની સ્થિતિ જોવા મળી ન હતી. અમદાવાદમાં ૩૯.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

## વરસાદની આગાહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે, તા. ૧૭મી જૂનથી શુક્ર આશ્લેષા નક્ષત્રમાં આવતા ખેમર-વગડામાં સર્પનો ઉપદ્રવ જોવા મળે. જો આદ્રા નક્ષત્રમાં વરસાદ થાય તો સારો ગણાય છે અને વૃશ્ચિક નક્ષત્રમાં વાવણી કરેલ કૃષિ પાક પણ સૂર્યના આદ્રા નક્ષત્રનું પાણી મળતા પાક સારો થાય છે.

હાલમાં વાદળ, પવન તેમજ પંખી વિગેરેની ચેષ્ટા જોતાં આગામી ચોમાસુ સારૂ રહે તેવી શક્યતાઓ રહેલી છે. ઘણી સમડીઓ એક સાથે આકાશમાં ઉડે અને ચકરાવો લે તો આકાશમાં હીમ ચાદર બને અને વાદળ બાષ્પને ઠંડક મળતા સારો વરસાદ થઈ શકે. કીડીઓ પોતાના ઈંડા દરમાંથી બહાર લઈ આવતી જણાય તો પણ વરસાદ થવાની સંભાવના રહે છે. ઊંટડી નીચે બેઠાં સિવાય આમતેમ ફર્યા કરે તો પણ વરસાદની સંભાવના સારી ગણાય છે. હજુ હવામાં ભેજનું પ્રમાણ વધેલુ જણાતુ નથી. ભેજનું પ્રમાણ ઘણુ વધે અને મહત્તમ-લઘુત્તમ ઉષ્ણતામાનનો તફાવત ઘટે તો સારા વરસાદના ચિંહ્નો ગણાય. તા. ૧૬ થી ૨૦ જૂનમાં હવાના ભેજનું પ્રમાણ વધવાની શકયતા છે. હાલમાં લક્ષદ્વીપ, દક્ષિણી પૂર્વીય ઉપસાગરમાં તેમજ પૂર્વ ભારતમાં વરસાદની શકયતા વધુ રહે. ગુજરાતમાં નિયમિત ચોમાસાની હજુ વાર છે.

## આત્મહત્યાનો પ્રયાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ઈડબલ્યુએસ આવાસના કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રોની કામગીરી પણ હાથ ધરાઈ હતી. આંગણવાડીઓમાં અક્ષયપાત્ર દ્વારા અલ્પાહાર વ્યવસ્થાપન માટેની કામગીરીનો શુભારંભ પણ કરવામાં આવ્યો હતો. જો કે, આ કાર્યક્રમમાં એક અજાણી વ્યક્તિએ હાથની નસ કાપી દેતા ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ હતી અને તંત્રમાં પણ ભાગદોડ મચી ગઈ હતી. ઈજાગ્રસ્ત વ્યક્તિને હોસ્પિટલમાં ખસેડાઈ હતી.

## હાઈકોર્ટમાં રીટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અરજદારને ભોગવટા પ્રમાણપત્ર પણ આપવામાં આવેલું હતું. અરજદારે ખરીદેલ પ્લોટ જાહેર હરાજીનો પ્લોટ હતો તેમ છતાં રેવન્યુ સત્તાધિશોએ તેઓના વાદગ્રસ્ત હુકમમાં એવો સંદર્ભ ટાંકેલો કે ગુજરાત હાઈકોર્ટમાં ચાલતા સ્યુમોટો પ્રોસીડીંગ્સ સ્પેશ્યલ સી.એ. નં. ૧૩૫૫૦/૨૦૦૦ નો ચુકાદો ન આવે ત્યાં સુધી પ્લોટની તબદીલી અંગેની કોઈપણ પ્રકારની કાર્યવાહી ગુજરાત હાઈકોર્ટની પરવાનગી વગર થઈ શકે નહિ. અરજદારે તેઓની રીટમાં એવા મુદ્દા ઉપસ્થિત કરેલ છે કે, ગુજરાત હાઈકોર્ટમાં જે સ્યુમોટો પ્રોસીડીંગ્સ પડતર છે તે પ્રોસીડીંગ્સ રાજ્ય સરકારના જુદી જુદી કક્ષાના કર્મચારી અને અધિકારીઓને ફાળવવામાં આવેલ તેમજ ધારાસભ્યશ્રીઓ તથા સંસદસભ્યશ્રીઓને રાહતદરે પ્લોટો ફાવવામાં આવ્યા છે તે કિસ્સાઓ પુરતા જ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના પ્લોટોને લાગુ કરી શકાય. અરજદાર દ્વારા જે પ્લોટ જાહેર હરાજીથી વેચાણ રાખવામાં આવેલ છે તે પ્લોટ ખુલ્લા બજારમાં સૌથી મહત્તમ માંગણી મુકીને ખરીદવામાં આવેલો પ્લોટ છે અને તે સંજોગોમાં કલેક્ટરશ્રી કચેરી દ્વારા કરવામાં આવેલો વાદગ્રસ્ત હૂકમ એ ગેરકાયદેસર, ગેરબંધારણીય અને મનસ્વી સ્વરૂપનો હોઈ રદ થવાને પાત્ર છે. અરજદારે તેઓની રીટમાં જણાવ્યું છે કે, તેઓની ઉમર ૭૦ વર્ષની છે તેઓ પોતાના વતન જૂનાગઢ ખાતે સ્થાયી થવા માંગે છે અને જૂનાગઢ ખાતે બીજી મિલકત ખરીદવાની હોઈ તેઓને મજકુર જાહેર હરાજીથી લીધેલો પ્લોટ બાંધકામ સહિત વેચાણ કરવાની અનિવાર્ય જરૂરીયાત છે.

આ કેસમાં અરજદારો તરફે એડવોકેટ જયંત પ્રેમશંકર ભટ્ટ તથા જિત જયંત ભટ્ટ ઉપસ્થિતરહ્યા હતા.

## બ્લુપ્રિન્ટ મુકે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની કલ્પનાને સાકાર થતાં કદાચ બીજા ઘણા વર્ષો સુધી રાહ જોવી પડશે તેમ લાગે છે.

સોલાર રૂફટોપ પોલીસીથી બચતને પ્રોત્સાહિત કરવાની વાતો સરકારે કરી પણ શહેરના વિકાસ માટે અર્થાત્ સર્વાંગી વિકાસનું કોઈ મહત્વનું કદમ ૫૦ વર્ષમાં લેવાયું નથી તેનું નગરજનો તેમની ચર્ચામાં દુઃખ વ્યક્ત કરતા દેખાય છે. આર્થિક મંદીનો એકરાર કરીએ તો વિકાસની વાતને વાળતા હોય તેવું લાગે તેમ કહેતા નગરજનો કહે છે કે, પ્લોટોની હરાજી માટે એક અલાયદી નીતિ સરકારે બનાવવી જોઈએ. જેમાં પારદર્શકતા હોય તેમજ તંત્ર તેમાં નિમિત્ત બને.

એક દસકા બાદ બે વખત હરાજી મોકૂફ રખાતાં પ્રજાને પણ આર્થિક નુકસાન થયું છે તે વાત સરકારે સ્વીકારવી જોઈએ. ડી.ડી., સિગ્નેચર કાર્ડ સહિતની પ્રોસેસ માટે પ્રજાના નાણાંનો વ્યય થયો છે ત્યારે સરકારે હવે પોતે પણ તેનું મન ગાંધીનગરના વિકાસ માટે શું વિચારે છે તે સ્પષ્ટ રીતે રજુ કરવું જોઈએ.

કલ્યાણ રાજ્યમાં આર્થિક પોષણ હિસ્સો હોઈ શકે પણ સાધન નહિ તે વાતનો ખ્યાલ સરકારે રાખવો જોઈએ તેમ નગરજનો માની રહ્યા છે.

## દાન પેટે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગરમાંથી ૨,૮૭,૦૧૧નું અને દહેગામમાંથી ૧,૧૧,૪૦૯નું રોકડ દાન મળેલ છે. વસ્તુઓ સ્વરૂપે સૌથી વધુ દાન દહેગામ તાલુકાને આ પછી કલોલ અને માણસાનો ક્રમ આવે છે. જિલ્લામાં યોજાયેલ આ પ્રવેશોત્સવ દરમ્યાન ૫૦૬ શાળાની ૭૦૦ થી વધુ મહાનુભાવોએ મુલાકાત લઈ અને બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કર્યા છે. જિલ્લાની ૧૮૫ બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ તંત્ર દ્વારા રૂ. ૨ હજારના મૂલ્યના આપવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ બાળાઓ કલોલ તાલુકાની છે. જેની સંખ્યા ૧૦૪ છે.

જિલ્લામાં જે ૧૦,૯૬૮ બાળકોએ ધો. ૧માં પ્રવેશ મેળવ્યો છે તેમાં ૫૬૨૮ કુમાર અને ૫૩૪૦ કન્યાઓનો સમાવેશ થાય છે. ધો. ૯માં ૫૬૮૭ કુમાર અને ૪૫૦૧ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો છે.

પ્રા. શાળાએ જવા માટે ૩ કિ.મી.થી વધુ અંતર કાપવુ પડતુ હોય તેવી શાળાઓના બાળકોને ટ્રાન્સપોર્ટેશન સુવિધા આપવાના નિર્ણયને પગલે જિલ્લાની ૪૯ શાળાઓને આ સુવિધા પ્રવેશોત્સવ દરમ્યાન પ્રાપ્ત થયેલ છે.

જિલ્લામાં પ્રવેશોત્સવ બાદ હવે શિક્ષણતંત્ર દ્વારા યોગ દિવસની ઉજવણી અંગેની તૈયારીમાં વ્યસ્ત બનશે. મળતી વિગતો મુજબ જિલ્લામાં શિક્ષણતંત્ર આ વખતે ગુણોત્સવ પૂર્વે પ્રિ. ગુણોત્સવનું આયોજન પણ ઓગષ્ટ માસ દરમ્યાન કરવાનું આયોજન વિચારી રહેલ છે.

ટચૂકડી જાહેર ખબર

**વેચવાની છે**

સેક્ટર નં.૩૦માં વાણિજ્ય અને રહેણાંકના હેતુવાળી, બે-શટર, આગળ-પાછળ પાર્કીંગની જગ્યા, ૮૭.૫ ચો. મીટર, આર.સી.સી. બાંધકામવાળી દુકાન, જુન-૨૦૧૫માં થનાર ઈ-હરાજીની દુકાનોના ભાવ ધ્યાનમાં રાખી વ્યાજબી ભાવે વેચાણથી આપવાની છે.

ફોન : ૯૯૬૨૩૫૮૪૦